# ફ્રેન્ડશીપનો અનોખો સંબંધ સજાવતુ ગાંધીનગર

**● જ્યોતિન્દ્ર (જગુભાઈ) ભટ્ટ અને અનવરભાઈ મુનશી**

સેક્ટર-૨૧માં રહેતા આ બંને મિત્રો શાળાકીય અભ્યાસ દરમ્યાનથી આજે નિવૃત્તીની વરિષ્ઠ વય સુધીની મિત્રતાની સફર કાપી ચુક્યા છે અને આજે પણ દરરોજ સવારે મીનાબજારમાં સાથે સમય વિતાવ્યા વગર તેમને ચેન પડતુ નથી. પોતાની યુવાનીના દિવસોમાં સાથે એક સાયકલ પર પેથાપુર ફિલ્મ જોવા જવુ, ખિસ્સામાં માત્ર રૂ. ૧૦ આવી જાય તો કલોલ હાઈવે પર જઈને ચા પીવી. પહેરે કપડે મુંબઈ જતા રહેવુ, જેવી અનેક ખાટી-મીઠી યાદોનો ખજાનો લઈને દોસ્તીનો સંબંધ સજાવે છે. વળી બંને જ્યોતિષ વિદ્યાના પણ અચ્છા જાણકાર છે.



**● ઉન્નતિ દવે - ક્રિશ્ના ચૌધરી**

ધોરણ-૧૦માં શાળા પ્રારંભે સ્કૂલ બસમાં બંને એક સાથે મળ્યાં અને ફિલ્મી દશ્યની માફક બંનેએ એક સાથે જ એકબીજાનું નામ પુછ્યું હતુ અને આ સિલસિલો હજુ સુધી યથાવત છે. બંનેને એક સરખો વિચાર એક સાથે આવે, એક બિમાર પડે તો થોડા દિવસમાં બીજી પણ બિમાર પડી જાય, બંનેના પરીક્ષાના પરિણામમાં માર્ક સરખાં હોય એટલું નહી પરંતુ સાચા-ખોટા જવાબો પણ લગભગ સરખાં જ હોય. ઉન્નતિને દવાખાને દાખલ કરવી પડી તેની જાણ કરી નહોતી ત્યારે ક્રિશ્નાએ સામેથી ફોન કરી પુછ્યુ 'તુ કેમ છે ?' એકના હાથે ફેક્ચર થયું તો થોડા દિવસમાં બીજીના પગે... આવી અનોખી ફ્રેન્ડશીપે બંનેના પરિવારને પણ નજીક લાવી દીધા છે.



**● ચૈતાલી શાહ - જ્હાનવી પટેલ**

ચૈતાલી અને જ્હાનવીની મિત્રતા પણ બસમાં બંધાઈ હતી અને આ મિત્રતા એટલી ગાઢ છે કે બંનેને એકબીજા વગર સ્હેજ પણ ચાલતુ નથી. જ્યાં જાય ત્યાં બંને સાથે જ જાય છે. અને જ્યારે એ બંને સાથે હોય ત્યારે જાણે એમને બીજા કોઈની જરૂર જ જણાતી નથી. પાગલોની જેમ મસ્તીએ ચઢતી બન્ને અલ્લડ છોકરીઓ એકબીજાને સારી રીતે સમજે છે. ચૈતાલીને હોળી રમવી ગમતી નહોતી એટલે અને જ્હાનવીને હોળી રમવી હતી. એટલે જ્હાનવીએ સ્વર્ણિમ પાર્કમાં લઈ જઈ પાણીના પાઉચથી ચૈતાલીને હોળી રમાડી હતી. એક દિવસ તો બન્ને કોલેજ બંક કરી સાથે ૭ કિમી સુધી ચાલ્યાં હતા.



**● પૃથક ઠક્કર - દર્શન પટેલ**

ગણેશ ચતુર્થીની ઉજવણીએ પાંચ વર્ષ પહેલા પૃથક અને દર્શનની દોસ્તી કરાવી જાણે તેમના આશિર્વાદ આપ્યા હતા. સામાન્ય રીતે એક દોસ્ત બીજાને એમ કહે કે તારી બધી મુશ્કેલીમાં હું તારી સાથે છું પરંતુ આ બંને કહે છે કે અમે સાથે હોઈએ છીએ એટલે અમને કોઈ જ મુશ્કેલી આવતી નથી. શહેરમાં અનેક ઓળખીતા-વણઓળખીતા જેમને 'જુડવા-ભાઈ' તરીકે સંબોધે છે તેવા પૃથક-દર્શનની જોડી 'ગૂંજ ફાઉન્ડેશન' થકી શહેરના અનેક જરૂરિયાતમંદોને અણીના સમયે ઉભી થયેલ 'રક્ત'ની જરૂરિયાત પૂરી પાડી અનોખો સેવાનો સંબંધ સજાવી રહી છે.



**● ખુશ્બુ-બિનલ-ખુશ્બી-ફાલ્ગુની**

સાતમા ધોરણથી વર્ગખંડમાં એક બેન્ચ પર અડ્ડો જમાવતી સે. ૨૨ની ચાર બહેનપણીની આ ગેંગ તોફાને ચઢે ત્યારે કોલેજના પ્રોફેસર્સને પણ પરસેવો છોડાવી દે છે. ચારેય હંમેશા સાથે જ જોવા મળે અને ચારેય મસ્તીખોર. ચારમાં એક ખુશ્બુ અને બિનલ ભારે બોલકણી જ્યારે બીજી ખુશ્બુ અને ફાલ્ગુની એકદમ શાંત. બિનલને આખો દિવસ કંઈક ખાવા જોઈએ એટલે એને ભૂખ્ખડ કહી બોલાવે અને ફાલ્ગુનીને ઊંઘવા વધુ જોઈએ એટલે એને કુંભકર્ણ. પણ ચારેય સાથે હોય તો મજાલ છે કોઈ મનચલાની કે એમને છેડે, અને જો ભૂલથી કોઈએ એકને પણ છેડી તો ચારેય ભેગી થઈ તેનો વારો જ પાડી દે.



**● અલકા-અનુષ્કા-કેતન-ટીનુ-રાહુલ-કેલિશ**

ગાંધીનગરની બીબીએ કોલેજમાં છ મિત્રોનું ગૃપ એકબીજા સાથે ગાઢ દોસ્તીના સંબંધથી બંધાયુ છે. છ મિત્રોમાં ત્રણ ગુજરાતી, બે યુપીના અને એક રાજસ્થાની છે. પરંતુ આ તમામને આ બાબત તેમની દોસ્તીમાં ક્યાંય આડે આવતી નથી. કેવી ગૃપ તરીકે કોલેજમાં જાણીતા બનેલા આ મિત્રો કોઈ પણ પ્રોજેક્ટ હાથમાં લે પછી તેને પુરો કરીને જ જંપે છે. ગૃપના છોકરા તેમના ગૃપની છોકરીઓને ખૂબ સતાવે છે પરંતુ ક્યારેય કોઈ એકબીજાની ભાવનાને 'હર્ટ' નથી કરતા અને જ્યારે એક પણ દોસ્ત તકલીફમાં હોય ત્યારે બાકીના પાંચ હંમેશા તેની પડખે હોય છે.



**● ડો. કે.જી. છાયા-રાજેન્દ્રકુમાર શર્મા**

વર્ષ ૧૯૮૫માં એનસીસીના તાલીમ વર્ગમાં 'બડી સિસ્ટમ'ના કારણે મળેલા આ મિત્રોની ઉંમર વચ્ચે ૬ વર્ષનો ફરક છે પરંતુ બંને એકબીજાને ચઢિયાતા સાબિત કરે તેવા છે. હરિણાના રાજેન્દ્રકુમાર શર્મા આઈટીઆઈ-ના પ્રિન્સિપાલપદેથી નિવૃત્ત થયા છે જ્યારે ડૉ. કમલ જી. છાયા હાલ ગાંધીનગરની સરકારી સાયન્સ કોલેજના આચાર્ય છે. બંનેની પહેલી મુલાકાત પછી જ્યારે તેઓ પહેલી વાર છુટા પડી રહ્યા હતા ત્યારે રાજેન્દ્રકુમારને સિગારેટ છોડવા કે.જી. છાયાએ વચન માંગ્યુ તો કે.જી. છાયાને ઉગ્ર સ્વભાવને શાંત સ્વભાવમાં પરિવર્તિત કરવાનું વચન રાજેન્દ્રકુમારે માંગ્યુ અને આજદિન સુધી બંનેએ મિત્રતાનું આ વચન નિભાવ્યુ છે.



**● ધાર્વિ પરમાર - મયૂર પટેલ**

કોલેજની ઈવેન્ટમાં વિજેતા ધાર્વિને ઈવેન્ટના જજ મયૂર પટેલ સાથે મિત્રતા બંધાઈ હતી. બંનેને શાયરીઓ-કવિતા લખવાનો તથા રંગોળી બનાવવાનો શોખ છે. બંને જમવા જાય ત્યારે ધાર્વિને મીઠાની ડબ્બી સંતાડી દેવી પડે અને મયૂર અથાણાની બોટલ સંતાડી દે. બંને ગુજરાતના છે પરંતુ અલગ અલગ વિસ્તારના એટલે બંનેની બોલીમાં ખૂબ ફર્ક છે. પરંતુ દરેક સુખ-દુઃખની ઘડીમાં બંને એક બીજાની પડખે રહ્યાં છે. કોઈ કહે એક છોકરો-છોકરી મિત્ર ના હોઈ શકે પરંતુ આ બંને વચ્ચે અતૂટ શુદ્ધ દોસ્તી છે જે આવી વાતોને ક્યારેય ગણકારતી નથી.



**● મેઘા અને નમ્રતા**

ગાંધીનગરની નર્સિંગ કોલેજની મેઘા-નમ્રતાની જોડી હોસ્ટેલમાં સાથે રહે છે. કોલેજના પ્રથમ દિવસે ક્લાસરૂમમાં જ એમની મિત્રતા બંધાઈ હતી. નમ્રતા મેઘાને સખ્ત અભ્યાસ કરવા માટે પ્રેરિત કરતી રહે છે. કોલેજના રિ-શફલિંગ પ્રોસેસમાં મેઘાને ગમતી કોલેજમાં એડમિશન મળ્યુ હતુ પરંતુ નમ્રતાથી વિખૂટા પડવાના વિચારે તેણે એ સ્વીકાર્યું નહી. નમ્રતાની અટક 'ડોબરિયા' છે એટલે મેઘા એના નામથી બૂમ પાડેલી સાંભળે નહી તો મજાકમાં 'ડોબી' કહી બોલાવે અને આશ્ચર્યની વાત તો એ છે કે આ શબ્દ તે તરત સાંભળી લે છે.



**● અભિજિતસિંહ પરમારનું 'હથોડા ગૃપ'**

ગુજરાતના અલગ અલગ શહેરમાંથી એક જ એન્જિનીયરીંગ કોલેજમાં ગાઢ મિત્રો બનેલા 'હથોડા ગૃપ'ના મિત્રોએ તેમની કોલેજથી ૩૦ કિલોમીટર દૂર આવેલા શામળાજીના મંદિરે જે ચાલતો પહોંચી જશે તેને બાકીના મિત્રો તેમની 'ફાઈલ' લખી આપશે તેવી શરત લગાવી હતી. ગૃપના વિજયસિંહ ઝાલા, નિહાર પરમાર અને અભિજીતસિંહ પરમારે આ ચેલેન્જ સ્વીકારી હતી તેના બદલામાં હિરેન્દ્રસિંહ ભાટી, કૌશલ રાવલ, બિરજી દેસાઈએ તેમની 'ફાઈલ' લખી આપી હતી. ૨૦૦૬ના વર્ષથી દોસ્તીના તાંતણે બંધાયેલા આ મિત્રો કહે છે સમય બદલાયો છે પરંતુ અમે જરાય પણ બદલાયા નથી.



## ફ્રેન્ડશીપ ડે સ્પેશિયલ

ઓગષ્ટ મહિનાનો પ્રથમ રવિવાર એટલે "ફ્રેન્ડશીપ ડે" આજે 'ફ્રેન્ડશીપ' તરીકે ઓળખાતી મિત્રતાની ભાવનાનો સંબંધ કૃષ્ણ-સુદામાના સમયથી એક અનોખા પવિત્ર અને જીવનમાં અત્યંત મહત્વના સંબંધ તરીકે ઓળખાય છે. મિત્રતા એક એવો સંબંધ છે જે વ્યક્તિએ પોતાની મરજીથી બાંધ્યો હોય છે. માનવી જન્મે ત્યારે માતા-પિતા, ભાઈ-બહેન, સહિત સગાંવહાલા કે પડોશીઓ સુદ્ધામાં પસંદગીનો અવકાશ હોતો નથી પરંતુ એક માત્ર મિત્રતાનો સંબંધ એવો છે જેમાં માનવી પોતાની સમજથી, જેની સાથે જીવનની તડકી-છાંયડી વિતાવી શકે. જેની સાથે મનની વાત ખુલીને કરી શકે તેવા મિત્રને પસંદ કરી બનાવે છે. આ મિત્રતાના અણમોલ સંબંધને ઉજવવાનો ઉત્સવ એટલે 'ફ્રેન્ડશીપ ડે' જીવનમાં દરેક મિત્રનું અલગ મહત્વ અને અલગ મિજાજ હોય છે. ગાંધીનગરમાં પણ આવા કેટલાક મિત્રતાના સંબંધો આ અનોખા સંબંધને કંઈક અલગ રીતે જ સજાવે છે. આજે ફ્રેન્ડશીપ ડે ના આ પર્વે આ સંબંધોની ઝાંખી અત્રે રજૂ કરવા પ્રયાસ કર્યો છે.

**- સંકલન-સંપાદન : સમીર રામી**

**● ઝલક પટેલ-અંજલિ સરવૈયા**

ગાંધીનગરની ફાર્મસી કોલેજના પ્રથમ વર્ષમાં બંને વચ્ચે મિત્રતા બંધાઈ અને ૨ વર્ષ સાથે રહ્યાં પછી અંજલિને અમેરિકા જવાનુ થયુ. જો કે આ ૨ વર્ષની તેમની મિત્રતા આજીવન દોસ્તીમાં પરિવર્તિત થઈ ચૂકી છે. બંને બસમાં સાથે અપડાઉન કરતી અને ક્લાસમાં કંટાળો આવે તો ક્લાસ 'બંક' કરવાનો વિચાર બંનેને સાથે જ આવે. અંજલિ ફોટોજેનિક એટલે ઝલકનું કામ તેના ફોટોગ્રાફર તરીકેનુ. ઘરેથી ગમે તેટલી ના પાડી હોય પણ બંનેને સાથે પકોડી ખાધા વગર ચેન જ ના પડે. આજે પણ અમેરિકાથી અંજલિનો ફોન આવે એટલે ઝલકનો ફોન કલાકો સુધી 'બીઝી' થઈ જાય છે.



**● પાર્થ રાણા-સાજન પટેલ-રાજદિપ જાડેજા**

મહાકાળી ભોજનાલયે પહેલી મુલાકાત અને પછી સગરાસણની સ્કૂલ ઓફ એચિવરમાં બીજી મુલાકાતથી ગાઢ મિત્રો બનેલા ત્રણેય દોસ્તો એક ડીશમાં નાસ્તો કરતા. કિટલીએ ચા પીવા જવાનું હોય કે ક્રિકેટ-કબડ્ડી રમવા ત્રણેય હંમેશા સાથે જ. આમ અંગત મિત્રો પણ રમતના મેદાનમાં ત્રણેય એકબીજાના કટ્ટર હરિફ બની રમે. સ્કૂલલાઈફ મોજમસ્તીથી સાથે ગુજારી હવે ત્રણેય કોલેજલાઈફનો પણ એટલો મસ્તીભર્યો આનંદ માણી રહ્યાં છે.



**● ભાવિકા પંચાલ-ઉષા પ્રજાપતિ**

લલિતકલા સંગીત અકાદમીમાં સાથે સંગીત શીખતા બંને ક્યારે ગાઢ મિત્રો બની ગયા તેની તેમને ખબર જ ના પડી. બંને સાથે સંગીતના રિયાઝ કરે છે અને અનેક કાર્યક્રમોમાં સાથે સંગીત પીરસી ચુક્યાં છે, ગીતો પણ ગાઈ ચૂક્યા છે. બંનેના એકબીજાના સાથને કારણે સંગીતમાં ખૂબ સુધારો આવે છે તેથી બંને હંમેશા સાથે જ પ્રેક્ટીસ કરે છે.



**● પ્રિયંકા-રિદ્ધિ-વિશાખા**

સરકારી વિજ્ઞાન કોલેજમાં સાથે અભ્યાસ કરતા ખૂબ જ અંગત મિત્રો બની ચુકેલી આ ત્રણેય અલ્લડ યુવતિઓ મિત્રતાની એક એક પળને ભરપૂર મસ્તીથી માણે છે. ત્રણેય સાથે ક્લાસરૂમમાંથી ગાયબ થઈ જાય છે તો ક્યારેક ડાહ્યાં બનીને ભણવા બેસી જાય છે. ત્રણેય સાથે એનએસએસ જેવી પ્રવૃત્તિમાં જોડાય છે. ત્રણેયને નાટકો પ્રત્યે ભરપૂર લગાવ છે. એટલે એમાં મેડલ્સ પણ સાથે જીતી લાવે છે. અને હા, ત્રણેય ભેગા થાય એટલે એક જ 'ડીશ'માં જમવાનો વણલખ્યો નિયમ પાળે છે.



## અવનવા ફ્રેન્ડશીપ બેલ્ટ ખરીદવા યુવાવર્ગની ભારે ભીડ

દરેક વ્યકિતના જીવનમાં મિત્ર અને મિત્રતાની સુંગધ ફેલાયેલી હોય છે. મિત્રતાના આ સુંદર સંબંધને વાચા આપવા માટે દર વર્ષે ઓગસ્ટ મહિનાના પ્રથમ રવિવારે વિશ્વભરમાં "ફ્રેન્ડશીપ ડે"ની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આવતીકાલે ફ્રેન્ડશીપ ડે હોવાથી નાના બાળકો, યુવાવર્ગ, નોકરીયાતવર્ગ, સહિતના નાગરીકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.શહેરના બજારોમાં આવેલ ગીફટ આર્ટીકલની દુકાનોમાં પણ યુવાવર્ગની ભારે ચહલપહલ જોવા મળી રહી છે. બજારમાં વિવિધ પ્રકારના બેલ્ટ, બેન્ડ, ગ્રીટીંગ કાર્ડ સહિત મિત્રોને ભેટ આપી શકાય તેવી અનોખી ભેટ સોગાદ અનોખુ આકર્ષણ જમાવી રહી છે. ત્યારે શહેરના બજારમાં પણ યુવાવર્ગ પોતાના મિત્રને ફ્રેન્ડશીપ ડે ના દિવસે ગીફટ આપવા બજારમાં યુવાવર્ગની ભારે ભીડ જામી છે. જયારે રવિવારે રજા હોવાથી શાળા-કોલેજોમાં આજે ફ્રેન્ડશીપ ડે ની ઉજવણી થઈ ગઈ છે. ત્યારે બજારમાં રૂ.૧૦થી લઈને રૂ.૩૦૦ સુધીના ફ્રેન્ડશીપ બેલ્ટ સહિત અવનવી વેરાઈટીઝ જોવા મળી રહી છે. ત્યારે પોતાના મિત્રને મિત્રતામાં ભેટ સોગાદ આપવા હજ્જારો રૂપીયાનો ખર્ચ કરતા પણ યુવાવર્ગ અચકાતો નથી. રબર બેન્ડથી લઈ લેધર બેન્ડ બજારમાં વેચાઈ રહ્યા છે. આ ઉપરાંત સ્ટીલ, સિલ્વર અને ગોલ્ડ પ્લેટેડ બ્રેસલેટની પણ બોલબાલા જોવા મળી રહી છે. આ વર્ષે ફ્રેન્ડશીપ ડે માં બજારમાં બેન્ડ, બેલ્ટ, સ્ટીલ બ્રેસલેટ,ચેઈન, બેધર બેલ્ટ, ફેશન જવેલરી, રબરરીંગ, ગ્રીટીંગ કાર્ડ, ચોકલેટ બુકે, ગીફટપેક, ફોટોફ્રેમ, કવોટેશન મગ, ફ્રેન્ડશીપ ટ્રોફીનો સમાવેશ થાય છે. ત્યારે રવિવારે ફ્રેન્ડશીપ ડે રવિવારની રજા હોવાથી મિત્રો શહેરના સે-૨૮ ગાર્ડન,સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન સહિતના સ્થળો પર યુવાવર્ગની ભારે ભીડ જોવા મળશે. તો બીજીતરફ કેટલાક મિત્રોએ પિકચર સાથે જોવા માટે થિયેટરમાં એડવાન્સ બુકીંગ પણ કરાવી લીધુ છે.



## મુખ્યમંત્રીને રાખડી મોકલી ફાજલ તરીકેનું રક્ષણ આપવા અધ્યાપક સહાયક બહેનોની માંગ

રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિતે રાજયની વિવિધ ગ્રાન્ટેડ કોલેજોમાં ફરજ બજાવતી અધ્યાપક સહાયક બહેનોએ મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને રાખડી મોકલી આપી ફાજલ તરીકેનુંરક્ષણ આપવા માંગ કરી છે. રક્ષાબંધનએ ભાઈ-બહેનના અતુટ સ્નેહનુંપ્રતિક છે. દરેક ભાઈઓ પોતાની લાડકવાયી બહેનનું જીવનભર રક્ષણ કરે છે. ત્યારે અમે પણ અધ્યાપક સહાયકમાં ફિક્સ પગારમાં સેવા આપીએ છીએ તેમજ સ્ત્રી સશકિતકરણ અને મોંઘવારીના આ સમયમાં કુટુંબના જીવનનિર્વાહની જવાબદારી પણ અમારા માથે છે. અમારા શૈક્ષણિક કારકીર્દીના રક્ષણ સ્વરુપ અધ્યાપક સહાયક ફાજલ તરીકેનું રક્ષણ આપી આપની બહેનોનું આજીવન રક્ષણ કરશો તેવી રજુઆત પત્રમાં કરવામાં આવી છે.



ગુજરાતમાં વર્ષ ૧૯૯૮ થી ૨૦૧૬ સુધીમાં નિમણુંક પામેલા તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો-કર્મચારીઓને સરકાર દ્વારા ફાજલનું રક્ષણ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત શિક્ષણ વિભાગના તા. ૬-૭-૦૨ના ઠરાવ પ્રમાણે રાજયની ગ્રાન્ટેડ કોલેજોના અધ્યાપકોને તેમનો કાર્યભાર ઘટતા ફાજલ પડે તો તેમને અન્ય કોલેજોમાં સમાવવાની જોગવાઈ છે. અધ્યાપક સહાયકોને પાંચ વર્ષના ફિક્સ પગારના સમયગાળા દરમિયાન કે પાંચ વર્ષ પૂર્ણ કરી કાયમી નિમણુંક મેળવ્યા પછી પણ ફાજલ તરીકેનુંરક્ષણ આપવામાં આવતું નથી. જો ફાજલ પડે તો અન્ય કોઈ કોલેજોમાં સમાવેશ કરાતો નથી તેના બદલામાં નોકરીમાંથી છુટા કરી દઈને ઘરે બેસાડી દેવામાં આવે છે. અધ્યાપક સહાયકો સાથે થતા અન્યાયને લઈને રાજય સરકારને અનેકવાર લેખિત રજુઆત કરવા છતાપણ આ અંગેનો કોઈ જ ઉકેલ આવ્યો નથી. ત્યારે અધ્યાપક સહાયક બહેનો દ્વારા પવિત્ર રક્ષાબંધનના પર્વ નિમિતે રાજયના મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રીને રાખડી મોકલી આપીને અધ્યાપક સહાયકોને પણ ફાજલ તરીકેનું સંપૂર્ણ રક્ષણ આપવા માંગ કરવામાં આવી છે.

## શહેરમાં આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસની ઉજવણી કરાશે

સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા ઘોષિત ૮મી ઓગષ્ટ-૨૦૧૭ આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસને અનુલક્ષી આગામી ૯ ઓગસ્ટને બુધવારના રોજ ગાંધીનગર સ્થિત આદિવાસી સમાજના વિવિધ સંગઠનોમાં ડુંગરી ગરાસીયા સેવા સમાજ ટ્રસ્ટ, શ્રી દક્ષિણ ગુજરાત, ચૌધરી સમાજ, વસાવા સમાજ, ગામિત સમાજ, દક્ષિણ ગુજરાત ધોડિયા પટેલ સમાજ તથા અખિલ ગુજરાત કોલેજ-યુનિ. આદિવાસી અધ્યાપક મંડળના સંયુકત સહયોગથી ડો.બાબા સાહેબ આંબેડકર હોલ, સે-૧૨ ગાંધીનગર ખાતે સવારે ૯ કલાકે ઉજવણીનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

## સ્ટેટબેંક ઓફ ઈન્ડિયામાં સેવાઓને નામે પરેશાની અનુભવતા ગ્રાહકો

ગાંધીનગરના એક જાગૃત નાગરિક અને સચિવાલયના કર્મચારીની સ્ટેટબેંક ઓફ ઈન્ડિયા નવા સચિવાલયમાં સેવાઓના નામે કેવી પારાવાર પરેશાની ભોગવવી પડે છે તે જાણવા જેવી છે. સદર કર્મચારીનુ આજથી ૪૨ વર્ષથી બચત ખાતુ ધરાવે છે. તેમના પુત્રની શૈક્ષણિક લોન લેવા માટે સંયુક્ત બચતખાતુ સચિવાલય શાખામાં ખોલાવેલ. ખાતામાં અનેક મુશ્કેલીઓ પડતી હોવાથી બંધ કરાવેલ હતુ. ચાર્જ રૂ. ૫૭૫ કાપી લીધેલ છે. લોકપાલમાં ફરિયાદ કરેલ છે. લોકપાલેથી બિલાડી મોભા મોભ તેમ પત્રનો નિકાલ કરેલ છે. ખાતેદારના પુત્રના ઉચ્ચ અભ્યાસની લોન પૂર્ણ થઈ ગઈ હતી. નો ડ્યુ પ્રમાણપત્ર લેવા સમયે સીસ્ટમના કારણે લોન બાકી દેખાડતી હતી. નિર્દોષ કર્મચારીને હેરાનગતિ ના થાય તે અર્થે સમાધાની માર્ગ અપનાવેલ છે.

**સેક્ટર-૨૩, સ્વામિનારાયણ મંદિર દ્વારા**

## વિદ્યાર્થીઓને વિના મૂલ્યે નોટબુક ચોપડા-પેનો-પેન્સિલોનું વિતરણ



પ.પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીનાં દીક્ષા પર્વનાં ૬૦ વર્ષ પૂર્ણ થાય છે. આ નિમિતે વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને ફૂલસ્કેપ ચોપડા, નોટબુકો, પેનો, પેન્સીલોનું વિનામૂલ્યે સદભાવ સહ વિતરણ કરવાનું સત્કાર્ય ચાલી રહ્યું છે, જે અંતર્ગત ફતેપુરા અને બોરીજની સરકારી શાળામાં વિદ્યાર્થીઓને ફૂલસ્કેપ ૨ ચોપડા, ૨ નોટબુકો, પેન, પેન્સિલ વગેરેનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત મંદ બુધિ આશ્રમ શાળાના વિદ્યાર્થીઓને જમવાનું તથા ટી-શર્ટનું વિતરણ કરાયું હતું.



## પત્નિની પુણ્યતિથિએ 'મુક્તિધામના' સ્ટાફને કપડાં વિતરણ

શહેરના વરિષ્ઠ સેવાભાવી નાગરિક જે.એન. પરીખ ઉર્ફે પરીખદાદા તેમની વયોવૃદ્ધ અવસ્થામાં પણ સેવાપ્રવૃત્તિ અને સક્રિયતા માટે જાણીતા છે. પરીખદાદા તેમના સ્વર્ગસ્થ ધર્મપત્નીની પુણ્યતિથિએ દર વર્ષે શહેરના સે. ૩૦ ખાતેના અંતિમધામ 'મુક્તિધામ'ના કર્મચારીઓને નવા કપડાંની ભેટ આપે છે. આ વર્ષે પણ તેમણે મુક્તિધામના તમામ સ્ટાફને નવા કપડાં ભેટ આપવા સાથે સરસ ભોજન પણ પીરસી પોતાના સ્વર્ગસ્થ ધર્મપત્નિની પુણ્યતિથિ ઉજવી હતી. તેમની આ ઉદ્દત ભાવનાને પગલે મુક્તિધામના કર્મચારીઓ ગતગદિત થયા હતા.

ટચૂકડી જાહેર ખબર

**Lost Document**

My 10th Marksheet Lost. Name : Rita, Roll No. 1106431, Year : 2014, Gandhinagar. Near Ch-6, Give me the contact

M. : 8460608642

**ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.૦૩ સને ૨૦૧૭-૧૮**

**(ફક્ત વિજળીકરણ કામના ઠેકેદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવ્યા મુજબના કામ માટે ભાવ પત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં.૨૩, પાટનગર યોજના ભવન, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર (ટે.નં. ૨૩૨-૫૯૫૧૮) દ્વારા વિજળીકરણને લગતા ૮ (આઠ) કામની અંદાજીત કિંમત રૂ. ૪૭,૭૪૨-૭૦ થી રૂ. ૨,૯૯,૮૨૮.૬૦ છે. જેના ઓનલાઈન ભાવ ઠેકેદારશ્રીઓ પાસેથી માંગવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજો http://rnb.nprocure.com ઉપર તા. ૨૧/૮/૨૦૧૭ ૧૬:૦૦ કલાક સુધી ડાઉનલોડ તેમજ અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ટેન્ડર ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે. સરકારશ્રીના વખતો વખતના નિયમો ઈજારદારોશ્રીને બંધનકર્તા રહેશે. કોઈપણ એક અથવા બધા જ ટેન્ડરો કોઈપણ જાતના કારણો આપ્યા સિવાય રદ કરવાના અધિકારો આ વિભાગના અબાધિત રહેશે. જો બાનાની રકમ બિડાયેલ નહિ હોય તો ટેન્ડર સ્વિકૃતિને પાત્ર થશે નહિ.

માહિતી/૧૨૭૨/૧૭-૧૮